## નવસારીમાં આકરો તાપ , 36.4 ડિગ્રીમાં લોકો ‘બફારાગ્રસ્ત’

**ડિહાઇડ્રેશન,** થાક, ચક્કર આવવા અને હીટ સ્ટ્રેસ જેવી સમસ્યાઓનું જોખમ વધ્યું

નવસારી: નવસારી જિલ્લામાં રવિવારે થર્મોમીટર પર મહત્તમ તાપમાન માત્ર 36.4 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, પરંતુ લોકોને અનુભવાયેલી ગરમી તેનાથી ઘણી વધુ રહી. તેનું મુખ્ય કારણ હતું હવામાં રહેલું 94 ટકા ભેજ, જેના કારણે આખો દિવસ ઉકળાટ અને બફારાએ લોકોને અકળાવી મૂક્યા હતા. ગરમી કરતાં વધુ ભેજના પ્રભાવથી જનજીવન પર સીધી અસર જોવા મળી હતી.

નવસારી કૃષિ યુનિવર્સિટીના હવામાન વિભાગના આંકડા મુજબ સવારના સમયે ભેજનું પ્રમાણ 94 ટકા નોંધાયું હતું, જ્યારે લઘુત્તમ તાપમાન 28.0 ડિગ્રી સેલ્સિયસ રહ્યું હતું. દક્ષિણ-પશ્ચિમ દિશામાંથી 5.1 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાયો હતો, પરંતુ તેમાં રહેલી ભેજને કારણે ગરમીમાં કોઈ ખાસ રાહત મળી નહોતી. સાંજના સમયે ભેજ ઘટીને 62 ટકા થયો છતાં વાતાવરણમાં બફારો યથાવત્ રહ્યો હતો.

હવામાન નિષ્ણાતોના મતે, ચોમાસાની ઋતુમાં વરસાદ વચ્ચે વિરામ પડે ત્યારે તાપમાન અને ભેજનું આવું સંયોજન સર્જાય છે. શરીરમાંથી નીકળતો પરસેવો ઝડપથી સૂકાઈ શકતો નથી, જેના કારણે માણસને વાસ્તવિક તાપમાન કરતાં વધુ ગરમીનો અનુભવ થાય છે. ખાસ કરીને ખુલ્લામાં કામ કરતા શ્રમિકો, વૃદ્ધો, બાળકો અને દર્દીઓ માટે આવી સ્થિતિ વધુ કપરું વાતાવરણ સર્જે છે.

આરોગ્ય નિષ્ણાતોના જણાવ્યા મુજબ સતત બફારાના કારણે ડિહાઇડ્રેશન, થાક, ચક્કર આવવા અને હીટ સ્ટ્રેસ જેવી સમસ્યાઓનું જોખમ વધી શકે છે. તેથી બપોરના સમયે બિનજરૂરી બહાર નીકળવાનું ટાળવું, પૂરતું પાણી પીવું, હળવો આહાર લેવો અને લાંબા સમય સુધી સીધા તડકામાં કામ ન કરવું જરૂરી છે.

હવામાન વિભાગના અનુમાન પ્રમાણે આગામી દિવસોમાં પણ દક્ષિણ ગુજરાતમાં ભેજનું પ્રમાણ ઊંચું રહેવાની શક્યતા છે. એટલે કે વરસાદની રાહ વચ્ચે નવસારીના લોકોને હજુ થોડા દિવસ ‘ગરમી નહીં, પરંતુ બફારાની અસલી કસોટી’માંથી પસાર થવું પડી શકે છે.

## યુવતીઓના ફોટા મોર્ફ કરી રીલ્સ બનાનાર સામે ફરિયાદ

**વાપી** ઉદ્યોગનગર પોલીસે ગુનેગારોને શોધવા ચક્રો ગતિમાન કર્યા

**રીલ્સમાં** ગંદી કોમેન્ટ લખી બદનામ કરવાનું કૃત્ય કર્યું

વાપી: વાપી વિસતારમાં રહેતી 2 યુવતીઓના ફોટા મોર્ફ કરી રીલ્સ બનાવી ગંદી કોમેન્ટ લખી હતી. આ બનાવ અંગેની ફરિયાદ સાયબર હેલ્પલાઈન બાદ વાપી ઉદ્યોગનગર પોલીસ મથકમાં કરવામાં આવી હતી.

વાપી ઉદ્યોગનગર પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગત અનુસાર, વાપી વિસ્તારમાં રહેતી યુવતી નોકરી પર હાજર હતી તે સમયે સાંજે તેની બહેનપણીએ ઈન્સ્ટાગ્રામ આઈડીમાં પોસ્ટ થયેલ ફોટો મોકલી મેસેજ કરી પૂછ્યું હતું કે, આ ફોટો તમારો છે? ત્યારે તે મેસેજ વાંચી પોસ્ટ કરેલ ફોટો જોતા તે ફોટો મોર્ફ કરેલ હતો. તેઓએ ઈન્સ્ટા આઈડીમાં ફોટા મૂકેલ હતા અને તેની બહેનપણીએ પણ ઈન્સ્ટાગ્રામ આઈડી પર ફોટા મૂકેલા હતાં. યુવતીએ ઈન્સ્ટાગ્રામ ખોલી જતા તેઓના બે ફોટા તથા રીલ્સ પોસ્ટ કરેલ હતી સાથે તેની બહેનપણીના પણ ફોટા પણ મોર્ફ કરેલા હતાં. ઈન્સ્ટા આઈડી ધારકે ફોટાઓ મોર્ફ કરી રીલ્સ બનાવી ગંદી કોમેન્ટો પણ લખી હતી. જેથી બંને યુવતીઓએ સાથે મળી વાતચીત બાદ ઓનલાઈન સાયબર હેલ્પલાઈન પર કોલ કરી ફરિયાદ નોંધાવી હતી. જે બાદ વાપી ઉદ્યોગનગર પોલીસ મથકમાં ફરિયાદ કરવામાં આવી હતી. આજના યુવાન યુવતિઓ માટે આંખ ઉઘાડનારા આ કિસ્સામાં હવે પોલીસ આરોપીને શોધવાના કામે લાગી છે.

## વાંસદા-વઘઈ હાઈવે પર ચાલુ કાર ઉપર બેસી કપિરાજની મુસાફરી



નિલેશ કાપડિયા

વાંસદા: વાંસદા-વઘઈ સ્ટેટ હાઈવે પર આંબાબારી ગામ નજીક ચાલુ કારના બોનેટ ઉપર કપિરાજ બેઠો હોવાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં લોકોમાં ભારે ચર્ચા અને રોષ જોવા મળ્યો હતો. ઘટનામાં કાર ચાલકની બેદરકારીને લઈ લોકો દ્વારા ટીકા કરવામાં આવી હતી. આંબાબારી ગામ નજીક હાઈવે પર એક ફોરવ્હીલર કારના બોનેટ ઉપર કપિરાજ બેસી ગયો હતો. તેમ છતાં કાર ચાલકે વાહન રોકવાને બદલે હાઈવે પર કાર હંકારી હતી. આ સમગ્ર ઘટનાનો વીડિયો કોઈએ મોબાઇલમાં કેદ કરી સોશિયલ મીડિયામાં શેર કરતાં તે ઝડપથી વાયરલ થયો હતો. કાર ચાલકે કપિરાજને ઉતરવાની તક આપવાને બદલે વાહન ચલાવવું એ તેમની ગંભીર બેદરકારી હોવાની લોકોમાં ચર્ચા ઉઠી હતી.

## કબીલપોર સ્વામીનારાયણ મંદિરના સેવકના ખાતામાંથી રૂ. 80 હજાર સેરવાયા

**પાસબુક** અપડેટ કરાવત સાયબર ઠગાઈનો ભાંડો ફૂટ્યો, 8 ટ્રાન્જેક્શન કર્યાં

નવસારી: નવસારીના કબીલપોર સ્થિત સ્વામિનારાયણ મંદિરમાં સેવા આપતા એક શ્રમિક સાથે રૂ. 80 હજારની સાયબર ઠગાઈ થઈ હોવાનું સામે આવ્યું છે. અજાણ્યા સાયબર ઠગોએ તેમના બેંક ખાતામાંથી અલગ-અલગ આઠ ઓનલાઈન ટ્રાન્ઝેક્શન દ્વારા રકમ ઉપાડી લીધી હતી.

પોલીસ ફરિયાદ મુજબ, મૂળ આણંદ જિલ્લાના ખડોધી ગામના રહેવાસી બાબુભાઈ ઈશ્વરભાઈ ચૌહાણ હાલ કબીલપોરમાં રહી મંદિર ખાતે સેવા અને મજૂરી કામ કરે છે.

ગત 4 મે, 2026ના રોજ તેઓ બેંક ઓફ બરોડાની રાસ શાખામાં રૂ. 44 હજાર જમા કરાવવા ગયા હતા. તે દરમિયાન પાસબુક અપડેટ કરાવતા તેમના ખાતામાંથી મોટી રકમ ઉપડી ગઈ હોવાનું સામે આવ્યું હતું. બેંક સ્ટેટમેન્ટની તપાસમાં જાણવા મળ્યું કે 9 ફેબ્રુઆરીથી 25 એપ્રિલ, 2026 દરમિયાન અજાણ્યા ઈસમે તેમના ખાતામાંથી કુલ રૂ. 80 હજાર આઠ અલગ-અલગ ટ્રાન્ઝેક્શન દ્વારા ઉપાડી લીધા હતા. બાબુભાઈએ સમગ્ર મામલે સાયબર હેલ્પલાઈન 1930 પર ફરિયાદ નોંધાવ્યા બાદ નવસારી રૂરલ પોલીસ સ્ટેશનમાં અજાણ્યા ઈસમ સામે આઈટી એક્ટની સંબંધિત કલમો હેઠળ ગુનો નોંધાયો છે. પોલીસ ઈન્સ્પેક્ટર વી. જી. ભરવાડ વધુ તપાસ ચલાવી રહ્યા છે.

## વાંસદામાં ધારાસભ્ય ચૈતર વસાવાના સમર્થનમાં રેલી યોજાઇ



વાંસદા: વાંસદામાં ધારાસભ્ય ચૈતર વસાવાના સમર્થનમાં આશરે 30થી 35 સમર્થકો દ્વારા રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. રેલી વાંસદા જૂની કચેરી પાસેથી શરૂ થઈ હનુમાનબારી સર્કલ ખાતે આવેલી ભગવાન બિરસા મુંડાની પ્રતિમા સુધી પહોંચી હતી. રેલી દરમિયાન સમર્થકો હાથમાં ચૈતર વસાવાના પોસ્ટર લઈને સૂત્રોચ્ચાર કરતા આગળ વધ્યા હતા. જેલ કા તાલા તૂટેગા, ચૈતરભાઈ છૂટેગા જેવાં સૂત્રો સાથે સમર્થકોએ પોતાનો ટેકો વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે જયમીનભાઈ, અમરતભાઈ, જયેશભાઈ સહિતના સમર્થકો હાજર રહ્યા હતા.

## વાપીમાં રૂ.25 લાખનો ફ્લેટ ખરીદનાર સાથે છેતરપિંડી કરી

**ફ્લેટના** મૂળ માલિકે લોન ભરપાઇ કરી ન હોવા છતાં ફ્લેટ વેંચી દીધો

વાપી: વાપી ગીતાનગરમાં અબ્દુલા હફિશનિશાર ખાન (ઉં.43) રહે છે. વર્ષ 2023 માં ફ્લેટ ખરીદી માટે વૈશાલી સિનેમાની પાસે, રોઝી ટાવરમાં રહેતા સહરવર્દી બાદશાહ ખાન સાથે વાતચીત કરી હતી. જે બાદ સહરવર્દીએ જણાવ્યું હતું કે, વાપી ગુંજનમાં રહેતા કિશોર જેરામ ભાનુશાલીનો ફ્લેટ છે અને તે ફ્લેટની પાવર ઓફ એટર્ની તેની પાસે છે. કિશોરે બેંકમાંથી મોર્ગેજ લોન રૂ.22 લાખની લીધેલ છે જે લોન ચાલુ છે અને તે કલોઝ કરી ફ્લેટનો દસ્તાવેજ કરી આપીશું તેમ જણાવ્યું હતું. ફ્લેટ માટે રૂ.26 લાખ ચૂકવવા પડશે તેમ કહ્યું હતું તેની સામે અબ્દુલાએ રૂ. 25 લાખ ચૂકવવાનું કહ્યું હતું. સહરવર્દીએ રૂ.18,50,000નો દસ્તાવેજ થશે અને ઉપરના રૂ.6,50,000 રોકડા આપવાનું કહ્યું હતું. ફ્લેટની રકમ આપો તો હું લોન કલોઝ કરાવી દસ્તાવેજ કરી આપું તેમ કહેતા અબ્દુલાએ જુદી-જુદી બેંના ચેક મારફત રૂ.12 લાખ આપેલા હતાં. જે બાદ સહરવર્દીએ ફ્લેટની લોન પૂરી ભરી દીધેલ છે થોડા દિવસમાં દસ્તાવેજ કરી આપીશું તેમ કહ્યું હતું. ત્યારબાદ બીજા ચેક મારફત પણ રકમ આપી હતી જે બધી રકમ મળી કુલ રૂ.18,50,000 આપ્યા હતા અને બાકીના 6,50,000 રોકડા આપેલા હતાં. અબ્દુલાએ કુલ રૂ.25 લાખ આપી દીધા હતાં.

ત્યારબાદ સહરવર્દી અને કિશોર ભાનુશાલીએ વકીલ મારફત વેચાણ દસ્તાવેજ તૈયાર કરાવ્યા હતા જેમાં ફ્લેટ કોઈને વેચેલ નથી, ગીરવે મૂકેલ નથી કે ભેટ આપેલ નથી કે લોન નથી. જે બાદ અબ્દુલા ફ્લેટમાં રહેવા માટે જતા રહ્યા હતાં. ત્યારબાદ વર્ષ 2025માં ફ્લેટ ઉપર એચ.ડી.એફ.સી. બેંકના કર્મચારી આવ્યા હતા અને આ ફ્લેટ પર કિશોર ભાનુશાલીની લોન ચાલુ છે અને તેઓ લોન ભરતા નથી જેથી તેને નોટિસ આપવા આવેલાનું જણાવ્યું હતું. નોટિસ દરવાજા પર ચોંટાડી દીધી હતી. જે બાદ ફ્લેટ વેચાણ કરનાર સહરવર્દી ખાનને ફોન કરતા સ્વીચ ઓફ આવતો હતો અને ફ્લેટ માલિક કિશોરને મળતા તેમણઓ લોન ભરી દેવાનું જણાવ્યું હતું. આમ, અબ્દુલાએ તેની સાથે થયેલ છેતરપીંડિ અંગેની ફરિયાદ વાપી ટાઉન પોલીસ મથકમાં નોંધાવી હતી.

## વલસાડ: સફાઈ ઝુંબેશ સામે યુવા કોંગ્રેસનું વિરોધ પ્રદર્શન

**રેલવે** ઓવબ્રિજ પર સફાઇ કર્યા બાદ રસ્તો રોકી સૂત્રોચ્ચાર કરતા પોલીસે ટીંગાટોળી કરી કાર્યકરનોની અટકાયત કરી

વલસાડ: વલસાડ નગરપાલિકા દ્વારા પ્રિમોન્સૂન કામગીરી સામે વેઠ ઉતારવાની વાતની કોઇ નવાઇ નથી. પહેલા વરસાદી ઝાપટાંએ જ નગરપાલિકાની કામગીરીની પોલ ખોલી હતી. આવી પરિસ્થિતિમાં વલસાડ રેલવે ઓવરબ્રિજ પર પણ પ્રિમોન્સૂન કામગીરીનો અભાવ જોવા મળતાં યુથ કોંગ્રેસે ત્યાં સફાઇ કાર્ય હાથ ધરી વિરોધ નોંધાવ્યો હતો. પોલીસે તમામને ડિટેઇન કર્યા હતા.

વલસાડ રેલવે ઓવરબ્રિજ પર રસ્તાની બંને બાજુ ધૂળ માટીના મોટા થર જામી ગયા હતા. જેના કારણે ચોમાસામાં અકસ્માતનો ભય રહે એ સ્વાભાવિક છે. જેની સફાઇ માટે પાલિકા દ્વારા સદંતર ઉદાસિનતા દાખવાઈ હતી. જેના પગલે વલસાડ યુથ કોંગ્રેસના મિત દેસાઇ, કુંજાલી પટેલ અનેક કાર્યકરો સાથે અહીં સફાઇ માટે પહોંચી ગયા હતાં. તેમણે આજુબાજુની ધૂળ માટીની સફાઇ તો કરી પણ સાથે રસ્તો રોકી ભાજપી શાસન સામે વિરોધ પ્રદર્શન પણ કર્યું હતું.

જેના પગલે મામલો થોડો ગરમાયો હતો. તેમના વિરોધ પ્રદર્શન સામે તુરંત સિટી પોલીસે કાર્યવાહી કરી કોંગ્રેસી કાર્યકરોની ટીંગાટોળી કરી તેમને ડિટેઇન કર્યા હતાં. ત્યારે કોંગ્રેસી કાર્યકરોએ ભાજપ હમસે ડરતી હે પોલીસ કો આગે કરતી હૈના નારા સાથે ઓવરબ્રિજ ગજવી કાઢ્યો હતો.

## ડાંગનાં 28 હજારથી વધુ બાળકોને પોલિયોનાં ટીપાં પીવડાવાશે

**વઘઈ** ખાતે પોલિયો નાબૂદી અભિયાનનો ધારાસભ્યના હસ્તે પ્રારંભ



ગિરીશ ભોયે

સાપુતારા: રાજ્ય સરકારનાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા સમગ્ર રાજ્યની સાથે ડાંગ જિલ્લામાં પણ તા.૨૮થી ૩૦ જૂન દરમિયાન પોલિયો ઝુંબેશના ભાગરૂપે રવિવારે ડાંગ જિલ્લાના વઘઈ આંગણવાડી ખાતે ગુજરાત વિધાનસભા નાયબ મુખ્ય દંડક, ડાંગના ધારાસભ્ય વિજયભાઈ પટેલ તેમજ અધિક જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. હિમાંશુ ગામીતની ઉપસ્થિતિમાં ૦થી ૫ વર્ષ સુધીનાં બાળકોને બે ટીપા પીવડાવી પોલીયો રસીકરણની શરૂઆત કરવામાં આવી હતી.

જિલ્લા પંચાયત પ્રમુખ રાજેશભાઈ ગામીતની ઉપસ્થિતિમાં બરડીપાડા બુથ ખાતે પોલીયો રસીકરણની શરૂઆત કરાવી હતી. તેમજ આહવા, વઘઈ અને સુબીર તાલુકા પંચાયતના પ્રમુખની ઉપસ્થિતમાં બુથ ખાતે પોલીયો રસીકરણની શરૂઆત કરાવી હતી સાથે જ જિલ્લાના સરપંચ સહિત ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ દ્વારા ૦થી ૫ વર્ષ સુધીનાં બાળકોને બે ટીપા પીવડાવી પોલીયો રસીકરણની શરૂઆત કરાવી હતી.

આ પ્રસંગે વિજયભાઈ પટેલે જણાવ્યું હતુ કે, પોલીયો ઝુંબેશ થકી બાળકોને જીવનની સુરક્ષા મળી રહે અને તેમના જીવનમાં સ્વસ્થતા કેળવાય તે હેતુથી આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ ત્રિ-દિવસીય ઝુંબેશ દરમિયાન ડાંગ જિલ્લાનાં ૦થી ૫ વર્ષ સુધીના કુલ ૨૮,૦૦૦થી વધુ બાળકોને ૩૪૬ બુથ પર પોલીયોનાં બે ટીપા પીવડાવવામાં આવશે. બીજા અને ત્રીજા દિવસે બાકી રહેલાં બાળકોને આરોગ્ય-કર્મી, મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર, ફીમેલ હેલ્થ વર્કર, કોમ્યુનિટી હેલ્થ ઓફિસર, આશા બહેનો, આશા ફેસિલિટેટર અને આંગણવાડીની બહેનોની ૩૪૬ ટીમ દ્વારા ઘરે-ઘરે જઈને પોલિયોનાં બે ટીપા પીવડાવશે. ઉલ્લેખનીય છે કે, સમગ્ર પલ્સ પોલીયોની કામગીરી કરવા કુલ - ૭૪૩થી વધુ પોલીયો કાર્યકરોને તાલીમબધ્ધ કરવામાં આવ્યાં છે. આ પ્રસંગે ડાંગ જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ ઉષાબેન પટેલ, વઘઈ તાલુકા આરોગ્ય અધિકારી ડૉ. સ્વાતિ, પી. એચ. સી ઝાવડાના ડૉ.અર્ચિત તેમજ ઝાવડા PHCનો સ્ટાફ હાજર રહ્યા હતા.

## નવસારીમાં પોલિયો રસીકરણ અભિયાનનો પ્રારંભ કરાયો

**પોલિયો** રસીકરણમાં તંત્રને સહકાર આપવા લોકોને ધારાસભ્યની અપીલ



નવસારી: વિશ્વ પોલિયો દિવસ નિમિત્તે નવસારી જિલ્લામાં આરોગ્ય વિભાગ અને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા વિશેષ પોલિયો રસીકરણ અભિયાનનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. જિલ્લાના વિવિધ રસીકરણ કેન્દ્રો પર 0થી 5 વર્ષના બાળકોને ‘દો બૂંદ ઝિંદગી કી’ અંતર્ગત પોલિયોનાં ટીપાં પીવડાવવામાં આવી રહ્યાં છે.

લુન્સીકુઈ સ્થિત અર્બન હેલ્થ સેન્ટર ખાતે યોજાયેલા જિલ્લા કક્ષાના કાર્યક્રમમાં નવસારીના ધારાસભ્ય રાકેશ દેસાઈએ બાળકોને પોલિયોનાં ટીપા પીવડાવી અભિયાનની શરૂઆત કરાવી હતી. આ પ્રસંગે કોર્પોરેટર વિજય રાઠોડ, મેડિકલ ઓફિસર ડૉ. અલ્પેશ પટેલ, આરોગ્ય વિભાગના અધિકારીઓ, કર્મચારીઓ અને જનપ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

ધારાસભ્ય રાકેશ દેસાઈએ જણાવ્યું હતું કે, જિલ્લાનું એકપણ બાળક પોલિયોના ટીપાથી વંચિત ન રહે તે માટે તંત્ર અને સમાજે સાથે મળીને કામગીરી કરવી જરૂરી છે. તેમણે વાલીઓને પાંચ વર્ષથી ઓછી ઉંમરના તમામ બાળકોને પોલિયોના ટીપા અચૂક પીવડાવવા અપીલ કરી હતી.

## વલસાડ સાળાની સગાઈમાં આવેલા બનેવીના 5.97 લાખનાં ઘરેણાં ચોરાયાં

**ફેબ્રુઆરીમાં** બનેલી ચોરીની ઘટનાની આખરે પોલીસમાં ફરિયાદ નોંધાવાઈ

વલસાડ: વલસાડના પોશ વિસ્તાર તિથલ રોડ પર આવેલી પાલીહીલ સોસાયટીમાંથી રૂ. 5.97 લાખની કિંમતનાં સોનાના દાગીનાની ચોરી થઈ હતી. ચોરી થઇ ત્યારે ઘરમાં કામવાળી બાઇ જ હોય મકાન માલિકે તેની સામે ફરિયાદ કરતા આ અંગે વલસાડ સિટી પોલીસ મથકે ઘરની કામવાળી બાઈ સામે ગુનો દાખલ કર્યો છે.

પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, મૂળ મુંબઈના વતની અને હાલ અમદાવાદમાં અદાણી પોર્ટ એન્ડ લોજિસ્ટિક કંપનીમાં વાઈસ પ્રેસિડેન્ટ તરીકે ફરજ બજાવતા હિતેશ વિનોદકુમાર આર્ય (ઉ.વ. 42) ગત તા. 22 ફેબ્રુઆરીના રોજ તેમના સાળા જિગરના સગાઈના પ્રસંગમાં હાજરી આપવા માટે તેઓ પરિવાર સાથે વલસાડ ખાતે આવેલા તેમના સસરા કિશોરકુમાર દેવજીભાઇ મહેતાના ઘરે રોકાયા હતા.

તિથલ રોડ પર આવેલી પાલીહીલ સોસાયટીના મકાન નં. 189/Aના પહેલા માળે આવેલા બેડરૂમમાં પરિવારે પોતાનો સામાન રાખ્યો હતો. ઘટનાના દિવસે સવારે 9થી 9:30 વાગ્યે, હિતેશનાં પત્ની ખુશ્બુબેન તૈયાર થઈ રહ્યા હતા ત્યારે તેમણે જોયું કે બેગમાં રાખેલા જ્વેલરીના ત્રણ બોક્સ પૈકીનું એક પારદર્શક બોક્સ ગાયબ હતું.

આ બોક્સમાં 2,97,564ની કિંમતનો સોનાનો હાર અને ઈયરીંગનો સેટ, 1,65,000ની કિંમતના સોનાના કંગન (એક જોડી) તેમજ 1,35,000ની કિંમતની કાનની બુટ્ટી (એક જોડી) મળી કુલ 163 ગ્રામ 93 મીલીગ્રામ વજનના સોનાના દાગીના હતાં.

જેની કુલ કિંમત 5,97,564 થાય છે. પ્રસંગમાં જવાનું મોડું થતું હોવાથી અને ત્યારબાદ નોકરીના વ્યસ્ત શિડ્યુલને કારણે પરિવાર તે સમયે તાત્કાલિક ફરિયાદ નોંધાવી શક્યો ન હતો. પરિવારની ગેરહાજરીમાં ઘરમાં માત્ર સફાઈ કામ કરતી કામવાળી બાઈ ચંદનબેન રાઠોડ હાજર હોવાથી, તેમના પર જ ચોરી શંકા સેવાઈ રહી છે.

જેના પગલે હિતેશ આર્યએ કામવાળી બાઇ ચંદનબેન રાઠોડ વિરૂદ્ધ વલસાડ સિટી પોલીસ મથકે ફરિયાદ કરતાં પોલીસે બનાવ સંદર્ભે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

## પારડીમાં ગાંજા સાથે બે ઝબ્બે, સુરતથી લાવતા હતા

**પકડયેલા** બેમાંથી એક અગાઉ પણ ગાંજા સાથે પકડાઇ ચૂક્યો હતો



અમૃત પટેલ

પારડી: પારડી પોલીસની ટીમે અગાઉ NDPS કેસમાં ઝડપાયેલા બે આરોપીઓની ચકાસણી દરમિયાન કાર્યવાહી કરી હતી. જેમાં પારડી શહેરના સૈયદ સ્ટ્રીટ સ્થિત મઝદા કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટીના ફ્લેટમાં દરોડો પાડી રિયાઝ રફીક હુસેન શેખ અને ત્યાં હાજર પીયૂષ રાજુભાઈ જેઠાણીને ઝડપી પાડ્યા હતા. તપાસ દરમિયાન તેમના પાસેથી ૧૧૯ ગ્રામ ગાંજો મળી આવ્યો હતો. આ કેસમાં સુરત રેલવે પટરી વિસ્તારમાં રહેતો એક અજાણ્યો વ્યક્તિ વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો છે.

ઝડપાયેલા રિયાઝ શેખ સામે વર્ષ 2024માં પણ પારડી પોલીસ સ્ટેશનમાં NDPS એક્ટ હેઠળ ગુનો નોંધાયેલો હોવાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું છે. પોલીસે ૧૧૯ ગ્રામ ગાંજો (કિંમત 5,900), 2 મોબાઈલ ફોન, ઈલેક્ટ્રોનિક વજનકાંટો મળી કુલ રૂ.16,400નો મુદ્દામાલ કબજે લીધો હતો.

આ સમગ્ર કામગીરી પારડી પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર વાય.બી. ગોહિલના માર્ગદર્શન હેઠળ ASI ચંદુભાઈ સુરપાલભાઈ, ASI કાનજીભાઈ નથ્થુભાઈ, AHC કાનજીભાઈ નારણભાઈ તથા પોલીસ સ્ટાફની ટીમે પાર પાડી હતી.

## નાની વાહિયાળમાં સ્માર્ટ લાયબ્રેરીનું લોકાર્પણ : માત્ર 5 દિવસમાં નિર્માણ

**રેઇન્બો** વોરિયર્સ દ્વારા 19 લાઇબ્રેરીનું નિર્માણ કરાયું, 100થી વધુ વિદ્યાર્થીઓ અધિકારી બન્યા



વલસાડ: વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકાના નાની વાહિયાળમાં નિર્માણ થયેલી અદ્યતન સ્માર્ટ લાયબ્રેરીનું લોકાર્પણ સાંસદ, લોકસભા દંડક ધવલભાઈ પટેલ અને ધારાસભ્ય જીતુભાઈ ચૌધરીની ઉપસ્થિતિમાં કરાયું હતું. સાંસદે રેઈન્બો વોરિયર્સના સહયોગથી બનેલી લાયબ્રેરી આ વિસ્તારના વિદ્યાર્થીઓ માટે મહત્વપૂર્ણ સાબિત થશે તેમ જણાવ્યું હતું.

આ વિસ્તારના વિદ્યાર્થીઓમાં ટેલેન્ટ છે, પ્રતિભા છે, જરૂર છે માત્ર તેમને ઓળખવાની અને માર્ગદર્શન આપવાની એક પ્લેટફોર્મ આપવાની જે આ લાયબ્રેરી પૂરું પાડશે. લાયબ્રેરી જ્ઞાન, સંસ્કૃતિ અને વિચારોનું એક જીવંત મંદિર છે. તેમણે આ તબક્કે સંસ્થા, ગ્રામ પંચાયત ટીમની સરાહના કરી હતી.

ધારાસભ્ય જીતુભાઈ ચૌધરીએ જણાવ્યું કે આજના ડિજિટલ યુગમાં પણ પુસ્તકોનું મહત્વ અકબંધ છે. પુસ્તકો આપણી વિચારસરણીને વિસ્તારે છે, આપણને પ્રેરણા આપે છે અને જીવનનો સાચો રાહ ચીંધે છે.

રેઈન્બો વોરિયર્સના હોદેદારોએ જણાવ્યું કે સંસ્થા દ્વારા આ 19મી લાયબ્રેરીનું નિર્માણ કરાયું છે. જેના થકી 110થી વધુ વિદ્યાર્થીઓ ક્લાસ 1 અને 2 અધિકારી બન્યા છે. લાયબ્રેરીમાં સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટેના મહતમ પુસ્તકો, વિશાળ એ.સી. ખંડ, વાયફાય સુવિધા, સ્માર્ટ ટી.વી.ની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

આ તકે ધરમપુર ધારાસભ્ય અરવિંદ પટેલ, ધરમપુર તા. પં. પ્રમુખ સંકુતલા એસ. ચૌધરી, સરપંચ વિનોદ પઢેર સહિત ગ્રામજનો આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

## ઉમરગામના દેહરીમાં હડકાયા કૂતરાએ બે લોકોને બચકાં ભર્યાં

**હડકાયું** કૂતરું હાહાકાર મચાવી આખરે મૃત્યુ પામ્યું



ઉમેશ સોલંકી

ઉમરગામ: ઉમરગામ તાલુકાના દેહરી ગામના રામવાડી વિસ્તારમાં સવારના સમયે બહારથી આવી ચડેલા હડકાયા કૂતરાએ ઘરના ઓટલા ઉપર બેસેલા એક યુવાન ઉપર અચાનક જ હુમલો કરી અનેક બચકાં ભરતા આ યુવાન લોહી લુહાણ થઈ ગયો હતો. આ કૂતરાએ ફળિયામાં જ રહેતી એક મહિલા ઉપર પણ હુમલો કરી બચકું ભર્યું હતું. કૂતરાના આ આતંકથી ફળિયાના લોકો ડરી ગયા હતા અને પંચાયતના સરપંચને જાણ કરતા સરપંચે પશુ ચિકિત્સક તથા ઉમરગામ નગરપાલિકાના ફાયર ફાઈટરની ટીમનો તથા વાપી રેસ્ક્યુ ટીમનો સંપર્ક કર્યો હતો. કૂતરાને પકડવા રેસ્ક્યુ ટીમ આવે તે પહેલા જ શ્વાનનું મોત થઈ ગયું હોવાનું સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે.

કૂતરાના બચકાથી ગંભીર રીતે ઘાયલ થયેલા યુવાનને ગામના આગેવાનો પરિવારજનો ઉમરગામથી વાપીની સરકારી હોસ્પિટલમાં સારવાર માટે લઈ ગયા હતા. કૂતરાએ એક મહિલાને પણ બચકુ ભર્યું હોય તેણીને પણ હોસ્પિટલમાં સારવાર અને ડોગ બાઈક ઇન્જેક્શન લેવા પડ્યા હતા.

આ ઘટનાને લઈને લોકોમાં ખાસ્સો ડર અને ભય જોવા મળ્યો હતો રૂવાડા ઉભા કરી દે તેવી કૂતરાના હુમલાની ઘટના ફળિયામાં લગાવેલ સીસીટીવી કેમેરામાં પણ કેદ થઈ ગઈ હતી.